# રેડિયન્ટ સ્કૂલના સ્ટાફ માટે પિકનીક સાથે સ્નેહમિલન



ગાંધીનગર, તા. ૨૪ સરગાસણના ટીપી નં. ૯ ખાતે સ્થિત રેડિયન્ટ સ્કૂલ ઓફ સાયન્સના સ્ટાફ માટે અલુવા હિલ્સ રિસોર્ટ ખાતે પિકનીક કમ સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીઓની શૈક્ષણિક પ્રગતિને કેન્દ્રસ્થાને રાખી સંસ્થાની ઉત્તરોત્તર પ્રગતિ માટે હંમેશાં કટિબદ્ધ રહેતા તમામ કર્મચારીઓ માટે શાળા મેનેજમેન્ટે આ સ્નેહ મિલન કાર્યક્રમનું આયોજન કર્યું હતું. કર્મચારીઓએ મોટી સંખ્યામાં આ ઉપક્રમમાં ભાગ લીધો હતો. રિસોર્ ટખાતે તમામ કર્મચારીઓએ ભેગા મળીને ઈન્ડોર ગેમ્સ, આઉટડોર ગેમ્સ ટ્રેકિંગ વગેરેનો આનંદ માણ્યો હતો. પ્રાકૃતિક વાતાવરણમાં દરેકે ખૂબ જ આનંદ ઉલ્લાસ સાથે એકબીજા સાથે સમય પસાર કર્યો હતો. હળવાશની પળોમાં સૌએ ભેગાં મળી વેલકમ ડ્રીંક, બ્રેકફાસ્ટ અને ડિનરનો આનંદ માણ્યો હતો.

સંસ્થાના મેનેજિંગ ડિરેક્ટર કમ પ્રિન્સિપાલ જી ટી શનિયારા અને કેમ્પસ ડિરેક્ટર કમ પ્રિન્સિપાલ જે બી વામજાએ આ ઉપયોગી ઉપક્રમમાં જોડાવા બદલ સ્ટાફમિત્રોને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

## સૅક્ટર-૬માં કાર્યરત સરસ્વતી વિદ્યાલય ખાતે

# માતૃભાષાનું મહત્ત્વ ઉજાગર કરવા કાર્યક્રમ



ગાંધીનગર, તા. ૨૪ ગાંધીનગર શહેરના સૅક્ટર-૬ ખાતે કાર્યરત સરસ્વતી વિદ્યાલય ખાતે વિશ્વ માતૃભાષા દિવસ નિમિત્તે વિદ્યાર્થીઓને માતૃભાષાનું મહત્ત્વ સમજાવવા વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં ભાગ લઈને કાવ્યગાન, વાર્તાકથન, બાળનાટક જેવી કૃતિઓ પ્રસ્તુત કરી હતી. શિક્ષક પાયલબેન, પારૂલબેને વિદ્યાર્થીઓની ઋચિ માતૃભાષામાં વધે, માતૃભાષા પ્રત્યે તેમની સભાનતા કેળવાય તે હેતુને ધ્યાને રાખી પ્રાથમિક શિક્ષણમાં માતૃભાષાનો મહત્ત્વ જેવા મુદ્દાઓને ધ્યાનમાં લઈને પોતાનું વક્તવ્ય આપ્યું હતું. કાર્યક્રમના અંતે શિક્ષક મધુબેન લેઉવાએ માતૃભાષાનું મહત્ત્વ એક દિવસ પૂરતું સીમિત ન રાખતાં રોજિંદા જીવનમાં પણ તેનું મહત્ત્વ જાળવવાની શિખ વિદ્યાર્થીઓનો આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શિક્ષક તરુણાબેને કર્યું હતું.

ડાયરેક્ટ ❤ સે

વધારે નહીં પણ બે-ચાર જગ્યા એવી રાખવી કે જ્યાં કોઈ હિસાબ ન હોય, ફક્ત વહેંચ્યાનો આનંદ હોય

## જન્મદિને વધામણી



એમ એમ શાહ



ડાહ્યાભાઈ પ્રજાપતિ
પ્રમુખ, ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ
મો. ૭૪૦૫૭ ૫૯૨૪૦



રામદાનભાઈ ગઢવી
પ્રમુખ, ખોડિયાર માતાજી મંદિર, સેક્ટર-૫
મો. ૯૮૨૫૮ ૫૦૯૯૨



ગાંધીનગર, તા. ૨૪ ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગરના આર્થિક સહયોગથી થનગનાટ આર્ટ ઍન્ડ કલ્ચર કલબ, ગાંધીનગર દ્વારા નિર્મિત સામાજિક નાટક 'છાયા-પડછાયા' સંકલ્પ ઈન્ટરનેશનલ સ્કૂલ, નારોલ, અમદાવાદ ખાતે ભજવાયું હતું, જેને ખૂબ પ્રશસ્તિ પ્રાપ્ત થઈ હતી. ગાંધીનગર શહેરના ખ્યાત નાટ્યકાર-પત્રકાર કુંતલ નિમાવત દ્વારા લિખિત આ મનોરંજક દિગ્દર્શિત નાટકમાં ગાંધીનગરના કલાકાર કર્તુમ તેરૈયા, જયનલ રાવલ, કરિશ્મા પાટડીયા, મૌન સાધુ અને કુંતલ નિમાવત દ્વારા અભિનયનાં અજવાળાં પાથરવામાં આવ્યાં હતાં.

સંકલ્પ ઈન્ટરનેશનલ સ્કૂલના સુવિધાસભર ઑડિટોરિયમમાં આ નાટકને માણવા વિદ્યાર્થીઓ, આમંત્રિતો ઉપરાંત આચાર્ય અંકિતસિંહ વાઘેલા, કોર્ડિનેટર ધ્રુમિલ કોટડીયા અને શિક્ષકો બિપીનભાઈ જી પટેલ, બિપીનભાઈ એ પટેલ, અર્ચનાબેન પટેલ અને પીનલબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા, જેમણે નાટકને ભરપૂર માણ્યું અને વખાણ્યું હતું તથા કલાકારોને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

# ધ મધર્સ પ્રાઈડ સ્કૂલનો પોઈચા પ્રવાસ




લેકાવાડા ખાતે સ્થિત ધ મધર્સ પ્રાઈડ સ્કૂલનાં ધોરણ-પથી ૯ના વિદ્યાર્થીઓ માટે શાળા પરિવાર દ્વારા પોઈચાના એક દિવસીય પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. અહીં બાળકોએ ભવ્ય પ્રદર્શનનો લાભ લીધો હતો, કુબેર ભંડારીની મુલાકાત લીધી હતી અને નૌકા વિહારનો પણ આનંદ માણ્યો હતો. કેવડિયા ખાતે સરદાર પટેલની ૧૮૨ મીટર ઊંચી પ્રતિમા જોઈ બાળકોએ રોમાંચની અનુભૂતિ કરી હતી. કેવડિયા ખાતે વૅલી ઑફ ફ્લાવર, સરદાર સરોવર ડેમ અને લેઝર લાઈટ શોનો આનંદ પણ વિદ્યાર્થીઓએ માણ્યો હતો.

## કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બીસીએ કોલેજ ખાતે

# વુમન હેલ્થ અવેરનેસ સેમિનાર સફળતાપૂર્વક સંપન્ન


ગાંધીનગર, તા. ૨૪ કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝ–બીસીએ ખાતે વુમન ડેવલપમેન્ટ સેલ અંતર્ગત એક દિવસીય સેમિનાર યોજવામાં આવ્યો હતો. આ ટ્રેનીંગ પ્રોગ્રામનો મુખ્ય હેતુ કોલેજમાં ભણતી વિદ્યાર્થિનીઓ અને ફેકલ્ટીને હેલ્થ અવેરનેસ અને મોબાઈલના વધુપડતા ઉપયોગની શરીર પર થતી આડ અસરોની વિસ્તૃત માહિતી આપવાનો હતો. આ સેમિનારમાં વિષય નિષ્ણાત તરીકે ડો.રચિત પટેલ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે શરીરની રચના અને સાચવણી માટે પ્રોટીન,ફાઈબર, કાર્બોહાયડ્રેટ જેવા ઘટકોની અગત્યતા અને તેની ઉણપથી થતાં રોગો વિષે માહિતી આપી હતી. આ સાથે ક્યાં પ્રકારનો ખોરાક કઈ ઉંમરમાં કેવી રીતે લેવો જેથી આરોગ્યપ્રદ જીવન જીવી શકાય તેની છણાવટ પોતાની



આગવી શૈલીમાં કરી હતી. સાથે સાથે મોબાઈલના વધુ પડતાં ઉપયોગથી શરીર અને મન પર પડતી અસરોની પણ વાત તેઓએ પોતાના વ્યકતવ્યમાં કરી હતી. આ સમગ્ર સેમિનારનું આયોજન વુમન ડેવલોપમેન્ટ સેલ અંતર્ગત ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટુડિઝ - બીસીએ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં ૯૦ કરતાં વધારે વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. આ સેમિનારનું આયોજન ડો. એસ એમ શાહના માર્ગદર્શન હેઠળ પ્રો. જૈમિની કુલકર્ણી અને પ્રો. મોનિકા પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.



મહર્ષિ અત્રિ તપોવન, પીંપળજ ખાતે રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મહર્ષિ અત્રિ માધ્યમિક શાળા, પીંપળજ, તક્ષશિલા વિદ્યાલય-મહેસાણા, નાલંદા વિદ્યાલય-પ્રાંતિજ,નચિકેત વિદ્યાલય-હિંમતનગર વગેરે શાળાનાં બાળકોએ ઉત્સાહ પૂર્વક ભાગ લઈ રમતો માણી હતી. બાળકો ઈનામ કે વિજેતા ક્રમની અપેક્ષા વગર રમતો રમ્યા હતા એ આ ઉપક્રમની વિશેષતા હતી.





ગાંધીનગર, તા. ૨૪ દર્શક ફાઉન્ડેશન, અમદાવાદ દ્વારા ગ્રંથ વિમર્શ કાર્યક્રમનું આયોજન મંગળવાર, તા. ૨૫મી ફેબ્રુઆરીના રોજ ગ્રંથ વિમર્શ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

ગુજરાતી સાહિત્ય પરિષદ ખાતો સાંજે પાંચ કલાકે આયોજિત આ કાર્યક્રમમાં મનસુખ સલ્લા લિખિત પુસ્તક 'ગાંધીની નજરે દુનિયા' વિશે રમેશ તન્ના, રમેશ બી શાહ લિખિત પુસ્તક 'અર્થ વાસ્તવ' વિશે ધવલ મહેતા અને વિશ્વનાથ તિવારી લિખિત 'અસ્તિ ઔર ભવતિ' અંગે દૃષ્ટિ પટેલ આસ્વાદ કરાવશે.

આ કાર્યક્રમ સૌના માટે ખુલ્લો છે. સૌ સાહિત્યરસિકોને આ કાર્યક્રમ માણવા દર્શક ફાઉન્ડેશન દ્વારા ઈજન પાઠવવામાં આવ્યું છે.

# વાચકને પોતીકી લાગે તેવી સ્મરણયાત્રાના લેખોનો સંચય

કેટલાંક સંબંધો એવા હોય છે જેની મીઠાશને વ્યક્ત કરવામાં આવે ત્યારે અનેક સમવયસ્કોને તે પોતાની લાગે તે ખૂબ જ સ્વાભાવિક છે.




દાદા-દાદી કે નાના-નાની સાથે નાનાં ભુલકાંની બાળસહજ વાતો, ગોષ્ઠિ અને રમતોની અભિવ્યક્તિ થાય તેમાં અનેક લોકોને પોતાની જ વાત થઈ રહી હોય તેમ લાગે. એવું થાય ત્યારે તેની ચાહના એકદમ વધી જાય. આવી વાતો અનેક લોકોને પોતીકી



પુસ્તક પરિચય
નટવર હેડાઉ
vanvihari@gmail.com

લાગે એટલે તે ગમે. આવી જ નાની બાળકી સાથે નાના એટલે કે દાદાની ગોષ્ઠિ ગમ્મત અને બાળસહજ અભિવ્યક્તિથી પુલકિત થતા લેખક જ્યારે લેખમાળામાં આ વાતો મુકે ત્યારે લોકભોગ્ય બને તે ખૂબ જ સ્વાભાવિક છે અને તેનું પુસ્તક થાય તેને પણ એટલી જ ચાહના મળે. આવા જ એક પુસ્તકની વાત કરવી છે.

'જિયા એન્ડ દાદા'. લેખક યોગેશ જોશી દ્વારા અગાઉ કુમાર સામયિકમાં પ્રગટ થયેલ લેખમાળાને એકસાથે ઉપલબ્ધ કરાવી આપતું પુસ્તક છે. જેમાં ૧૮ લેખોનો સમાવેશ કરાયો છે. આ સ્મરણમાળા અંગે હર્ષ બ્રહ્મભટ્ટ લખે છે કે આ પુસ્તકમાં લેખકે ગદ્યનું એક અનન્ય, અનોખું રૂપ રચ્યું છે. દીકરી કૃતિની દીકરી એટલે કે દોહિત્રીની આ સ્મરણ કથાના શિર્ષકમાં 'નાના'ને બદલે 'દાદા' કેમ ? તે પ્રશ્ન કેટલાક મિત્રોને ઉદ્ભવેલો તે અંગે પોતાના નિવેદનમાં સ્પષ્ટતા કરતાં લેખક લખે છે કે જિયા બોલતાં શીખી ત્યારથી મને દાદા કહી બોલાવે છે. આથી 'જિયા એન્ડ દાદા.' મિત્રો પાસે જિયાની અને કેનેડાની વાતો લેખક કરતા તે સાંભળી કવિમિત્ર ચંદ્રકાંત શેઠે આ બધું તું લખ એમ કહેલું. વર્ષ ૨૦૧૭માં જિયા વિશે લખવા લેખકે કલમ ઉપાડી તો એનાં સ્મરણો ધાવણની જેમ ઉભરાવા લાગ્યાં. જિયાનાં આ સ્મરણો લખતી વેળા કવિનું હૈયું જાણે માનું હૈયું બની જતું. લેખકે આ પુસ્તકમાં જિયાનાં સ્મરણોની સાથે કેનેડાની પ્રકૃતિ-સંસ્કૃતિની રેખાઓને પણ વણીને ગૂંથી છે. તો ભારતની માટીની મહેક પણ ઉભરાતી રહી છે. હમ્બર નદીની સાથે ગંગા-યમુનાનાં સ્મરણ જળ પણ ભળતાં રહ્યાં છે. નાયગરાની સાથે ભેડા ઘાટ અને મા રેવા યાદ આવતા રહ્યા છે અને તેનું સૌંદર્ય સહજ ઉઘાડ પામતું જણાય છે. કેનેડાના સ્નોફોલની સાથે ભારતના તડકાનું પોત અહીં વણાયું છે. તે જિયાની વાતો લખતાં લખતાં જ્યાં જ્યાં દીકરી કૃતિ તથા પુત્ર મૌલિકનાં બાળપણનાં સ્મરણ સહજ ઉભરાયાં હોય એમ ઉમેરાતાં ગયાં છે અને જાણે કે બાળપણનું, શૈશવનું સ્વેટર ગુંથાતું ચાલ્યું હોય તેમ લાગે છે.

આ સ્મરણમાળા આગળ વધે છે તેમાં જિયા ચારેક વર્ષની થઈ પછી એનો ભાઈ રોહન જન્મ્યો. ત્યારબાદ રૂહીનાં પગલાં થયાં ને નાના હવે દાદા બન્યા. અહીં રોહન અને રૂહીની વાતો પણ ક્યાંક ક્યાંક ઉમેરાતી ગઈ છે. જિયાની આ વાતો વાંચતાં સહૃદયી ભાવકોને પોતાનાં બાળકોનાં સ્મરણો ઝળકી ઊઠે તેવી રજૂઆત અહીં મળે છે.

'જિયા એન્ડ દાદા'ના લેખક કવિ યોગેશ જોષી ગુજરાતી સાહિત્ય પરિષદના મુખપત્ર 'પરબ'ના તંત્રી છે. તેમના છ કવિતા સંગ્રહો, સાત નવલકથાઓ, ચાર વાર્તાનાં પુસ્તકો, ચરિત્ર નિબંધ, પરિચય-પુસ્તિકા, અનુવાદ, સંપાદન, બાળસાહિત્ય, ઈ-બૂક્સમાં અનેક પ્રકાશનો થયાં છે અને તે માટે તેઓને ગુજરાત સાહિત્ય અકાદમી, ગુજરાતી સાહિત્ય પરિષદ તથા ઘનશ્યામદાસ સરાફ સાહિત્ય પુરસ્કાર તેમને બીજાં અનેક પારિતોષિકોની તેમની કૃતિઓનું અને તેમનું સન્માન થઈ ચૂક્યું છે.

પરંતુ આ એક વિશિષ્ઠ પ્રકારની સ્મરણમાળાનું પુસ્તક ગુજરાતી સાહિત્યને તેમણે ભેટ ધર્યું છે. તે બદલ લેખક, કવિ યોગેશ જોષીને અભિનંદન પાઠવું છું અને પુસ્તકને આવકારું છું.

જિયા એન્ડ દાદા (સંસ્મરણ)
લેખક : યોગેશ જોષી
પ્રકાશક : ગૂર્જર સાહિત્ય ભવન
પ્રથમ આવૃત્તિ : ૨૦૨૦, કિંમત : રૂા. ૧૮૦/-